| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૮ / ૦૯ / ૨૦૦૭ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૮ / ૦૯ / ૨૦૦૭ |
| ફેંસલ તારીખ | ૧૪ / ૦૮ / ૨૦૨૬ |
| સમયગાળો | <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u> |

**<u>મે.લાલપુરના એડિશ્નલ ચીફ જયુડિશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ</u>**

**ફો. કેસ નં.– ૧૦૨૧ /૨૦૦૭**
આંક–

**ફરિયાદી:– શ્રી સરકાર**

**–– //<u>વિરૂદ્ધ</u> //––**

**આરોપી:– (૧) કમલેશ વ્રજલાલ અગ્રાવત,**
રહેઃ–રણુજા મંદીર સામે, ઠેબા ગામ,
તા. જી.–જામનગર

**(૨) હેમતભાઇ નથુભાઇ નંદાણીયા,**
રહેઃ–કંડોરણા,
તા. જામ ખંભાળીયા, જી.–જામનગર

**(૩) ગીરધર ઉર્ફે ભગત કરશનભાઇ ચાનવા,**
રહેઃ–કૃષ્ણનગર, શેરી નં. ૪
તા. જી.–જામનગર

**(૪) દેવશી ગોવિંદભાઇ સિંધવ,**
રહેઃ–નાઘેડી સીમ વિસ્તાર,
હર હર મહાદેવની વાડીમાં,
તા. જી.–જામનગર
મુળ રહે. ઉદેપર, તા. જામજોધપુર, જી. જામનગર

**(૫) સુધીરગીરી સુરેશગીરી ગૌસ્વામી,**
રહેઃ–અંજાર, તા. ઉના, જી. જુનાગઢ
હાલ–મુંબઇ ડોબવલી ઇસ્ટ, સ્ટાર કોલોની,
તેજસ્વી પાર્ક, બી વિન્ગ, પહેલા માળે, મુંબઇ

**(૬) અબ્દુલ વહીદ ઉર્ફે નિલેશ જલીલ અહેમદ શાહ,**
રહેઃ–મુંબઇ, કમરૂબાઇ કોમ્પલેક્ષ, રૂમ નં.૩,
કાજુ પાડા કુલા, અંધેરી રોડ, મુંબઇ

---

**ગુન્હો :– ઈ.પી.કો. કલમ ૩૭૯ , ૧૧૪ મુજબનો...**

---

-------------------------------------------

સરકાર પક્ષે વિદ્વાન એ.પી.પી.શ્રી કે.કે.પટેલ
આરોપી નં. ૧ થી ૪ નાઓ તર્ફે વિ.વકીલ શ્રી ડી.આર. ધમસાણીયા

-------------------------------------------

## –// ચુકા દો //–

(૧).. આ કામે ફરિયાદપક્ષના કેસની ટૂંકમા હકીકત એવી છે કે, મેઘપર પડાણા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ. રજી. નં. ૪૨/૨૦૦૭ થી ફરીયાદ આપનાર નારાયણ ગજાનંદરાવ ગદ્રેનાઓએ તમો આરોપીઓ વિરૂધ્ધ એવી ફરીયાદ આપેલ છે કે, તા. ૨૭/૦૪/૨૦૦૭ ના રોજ કલાક ૦૯/૦૦ થી ૧૭/૦૦ દરમિયાન રીલાયન્સ કંપનીના કન્સ્ટ્રકશન સાઈટના ખુલ્લા એરીયામાંથી ટ્રક નં. જીજે–૧૨–વી–૫૧૯૫ માં લોખંડના નાના–મોટા સળીયા, સ્ટીલ સ્ક્રેપ ભંગાર કુલ ૧૩ ટન જેની કિંમત રૂા. ૨,૬૦,૦૦૦/– ના માલની ચોરી કરી લઈ જઈ, એકબીજાને મદદગારી કરી ગુનો કરેલ હોય આ બાબતે ફરીયાદીએ ફરીયાદ આપેલ છે.

(૨).. આરોપીઓ સામે ઉપરોક્ત મુજબની ફરીયાદ દાખલ થતા ત.ક.અમલદારે આરોપીઓની અટક કરેલ છે અને અને આરોપીઓને જામીન આપવામાં આવેલ છે અને તેથી આરોપીઓ જામીન મુક્ત થયેલા છે.

(૩).. ત્યારબાદ તપાસ કરનાર અમલદારે તપાસ કરતા પુરતો પુરાવો હોય જેથી ત.ક.અમલદારે હાલના આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ ૩૭૯, ૧૧૪ મુજબનું ચાર્જશીટ દાખલ થયેલ છે.

(૪).. આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ થતા આરોપીઓ જામીન ઉપર મુકત થયેલા હોય જેથી ધોરણસરના સમન્સ આરોપીઓને કાઢવામાં આવેલ છે અને જે બજી જતા આરોપીઓ હાજર થતા તેઓને સી. આર. પી. સી. કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે.

(૫).. આ કામના આરોપી નં. ૫ અને આરોપી નં. ૬ છેલ્લા ઘણા સમયથી મળી આવતો ન હોય અને તત્કાળ મળી આવે તેવી સંભાવના જણાઈ આવતી ના હોય, જેથી તેઓની વિરૂઘ્ઘ સી.આર.પી.સી.ની કલમ–૨૯૯ મુજબ, આ કામના આરોપી નં. ૫ અને આરોપી નં. ૬ ની ગેરહાજરીમાં પુરાવો નોંઘવાનો હુકમ પસાર કરવામાં આવેલ. તેથી આ કામ ફરીયાદ પક્ષનો પુરાવો નોંઘવા માટે રાખવામાં આવેલ. આ કામે આરોપી નં. ૧ થી ૪ નાઓ વિરૂઘ્ઘ આંક – ૧૧૮ થી ઇ.પી.કો. કલમ ૩૭૯, ૧૧૪ મુજબના ગુનાનુ તહોમતનામુ ફરમાવેલ અને ત્યારબાદ આંક– ૧૧૯ થી આંક– ૧૨૨ સુધી આરોપી નં. ૧ થી ૪ નાઓનો જવાબ લેતા આરોપી નં. ૧ થી ૪ નાઓએ તહોમતનામા મુજબના ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી આ કેસ ફરિયાદ પક્ષના પુરાવા માટે મુકરર કરવામાં આવેલ છે.

(૬).. સદર કામે ફરિયાદ પક્ષ તરફે પોતાના કેસના સમર્થનમાં કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે.

**મૌખિક પુરાવાઃ**–

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૨૮ | પંચ સાહેદ દેવકરણભાઈ રાયસીંગભાઈ સોલંકીની સોગંદ પરની જુબાની. |
| ૨ | ૧૪૨ | પંચ સાહેદ ગુલાબભાઈ ચનાભાઈ સોલંકીની સોગંદ પરની જુબાની. |

| | | |
|---|---|---|
| ૩ | ૨૦૬ | પંચ સાહેદ પરેશભાઈ જીવાભાઈ મકવાણાની સોગંદ પરની જુબાની. |
| ૪ | ૨૦૯ | ફરીયાદી નારાયણ ગજાનનરાવ ગદ્રેની સોગંદ પરની જુબાની. |
| ૫ | ૨૧૪ | સાહેદ રણજીતસિંહ કુલુભા જાડેજાની સોગંદ પરની જુબાની. |
| ૬ | ૨૧૫ | ત.ક.અ. હરદાસભાઈ ખીમાભાઈ ભુવાની સોગંદ પરની જુબાની. |
| ૭ | ૨૨૧ | સાહેદ સંજયસિંઘ બીજેન્દ્રસિધ ની સોગંદ પરની જુબાની. |
| ૮ | ૨૨૯ | સાહેદ દિપકભાઈ મનજીભાઈ <u>ચોપડાની</u> સોગંદ પરની જુબાની. |

**<u>દસ્તાવેજી પુરાવાઃ</u>**–

| <u>અ.નં.</u> | <u>આંક</u> | <u>વિગત</u> |
|---|---|---|
| [illegible] | ૧૨૯ | મુદામાલ રીકવરીનુ પંચનામુ |
| ૨ | ૨૦૭ | સ્થાનીક જગ્યાનુ પંચનામુ |
| ૩ | ૨૧૦ | ફરીયાદ |

**(૭)..** ફરીયાદપક્ષે વિધ્વાન એ. પી. પી. શ્રી કે.કે.પટેલ એ દલીલ કરેલ છે જેમાં તેઓએ એવી દલીલ કરેલ છે કે, ફરીયાદપક્ષની મુખ્ય હકીકત એવી છે કે, આરોપીઓએ રીલાયન્સ કંપનીના કન્સ્ટ્રકશન સાઈટના ખુલ્લા એરીયામાંથી ટ્રક નં. જીજે–૧૨–વી–૫૧૯૫ માં લોખંડના નાના–મોટા સળીયા, સ્ટીલ સ્ક્રેપ ભંગાર કુલ ૧૩ ટન જેની કિંમત રૂા. ૨,૬૦,૦૦૦/– ના માલની ચોરી કરી લઈ જઈ, એકબીજાને મદદગારી કરી કરેલ હોય તેવી મુખ્ય હકીકત છે હવે આ કામે ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધનો ગુનો પુરવાર

કરેલો હોય જેથી આરોપીને તકસીરવાન ઠરાવી મહત્તમ સજા કરવા અરજ ગુજારેલ છે.

સામાપક્ષે આરોપીના વિ.વ.શ્રીએ દલીલો કરેલ છે જેમાં તેઓએ એવી દલીલો કરેલ છે કે, પંચોએ પંચનામાને સમર્થન કરેલ ન હોય અને ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે તેવી દલીલો કરી આરોપીને નિર્દોષ ઠરાવવા અરજ ગુજારેલ છે.

(૮).. આ કામે હાજર રહેતા આરોપી નં. ૧ થી ૪ નુ સીઆર.પી.સી. કલમ ૩૧૩ અન્વેય વિશેષ નિવેદન લેવામા આવેલ છે જેમા તેઓએ ફરીયાદપક્ષના પુરાવાનો ઈન્કાર કરેલ છે અને તેઓ નિર્દોષ હોવાનુ અને કોઇ ગુનો કરેલ નહી હોવાનુ જણાવેલ છે.

(૯).. ફરિયાદ પક્ષે પડેલ પુરાવા તથા બંને પક્ષોની રજુઆતો ધ્યાને લેતા આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**––// મુદ્દા//––**

(૧) શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ તા. ૨૭/૦૪/૨૦૦૭ ના રોજ કલાક ૦૯/૦૦ થી ૧૭/૦૦ દરમિયાન રીલાયન્સ કંપનીના કન્સ્ટ્રકશન સાઈટના ખુલ્લા એરીયામાંથી ટ્રક નં. જીજે–૧૨–વી–૫૧૯૫ માં લોખંડના નાના–મોટા સળીયા, સ્ટીલ સ્ક્રેપ ભંગાર કુલ ૧૩ ટન જેની કિંમત રૂા. ૨,૬૦,૦૦૦/– ના માલની ચોરી કરી લઈ જઈ, એકબીજાને મદદગારી કરી ઈ.પી.કો. કલમ–૩૭૯, ૧૧૪ મુજબનો ગુનો આચરેલ છે ?

(૨) શું હુકમ ?

(૧૦).. ઉપરોકત મુદ્દાઓ પરત્વેના અત્રેની અદાલતના નિર્ણયો મીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ.

## –//<u>કારણો</u>//–

**<u>મુદ્દા ન.–૧ અંગે ચર્ચાઃ–</u>**

(૧૧).. ફરીયાદપક્ષનો પુરાવો જોતા ફરીયાદપક્ષે **આંક–૧૨૮ થી પંચ સાહેદ દેવકરણભાઈ રાયસીંગભાઈ સોલંકીને** તપાસેલ છે. આ પંચ સાહેદએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે તેમની તૈયાર પંચનામામાં સહી કરવાનુ કહેતા સહી કરેલ છે. તેઓ પંચનામા અંગે કશું જાણતા નથી કે તેઓને કોર્ટ રેકર્ડમાંથી પંચનામુ બતાવવામાં આવે છે જેમા તેઓની સહી છે જે દા. આંક ૧૨૯ છે. આ સિવાય બીજુ કંઇ જાણતા નથી.

સદર પંચ સાહેદ પંચનામાને લગીરે સમર્થન કરેલ ન હોય જેથી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા (વિરોધી થયેલ સાક્ષી) જાહેર કરી કોર્ટની પરવાનગીથી વિગતવાર ઉલટતપાસ કરેલ છે અને ઉલટતપાસ દરમયાન પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈ હકીકત આ સાહેદે જણાવેલ નથી. આમ, આ પંચ સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

(૧૨).. ફરીયાદપક્ષનો પુરાવો જોતા ફરીયાદપક્ષે **આંક–૧૪૨ થી પંચ સાહેદ ગુલાબભાઈ ચનાભાઈ સોલંકીને** તપાસેલ છે. આ પંચ સાહેદએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે પંદરેક વર્ષ અગાઉ તેઓ મજુરીએ જતા હતા ત્યારે સવારના આશરે નવેક વાગ્યે પોલીસે તેમને રસ્તામાં રોકેલ અને એક તૈયાર લખેલ પંચનામામાં સહી કરવાનુ કહેતા સહી કરેલ છે. તે પંચનામુ શી બાબતનુ હતુ તે તેમને ખબર નથી કે પંચનામુ તેઓએ વાંચેલ નથી કે પોલીસે તેમને વાંચી સંભળાવેલ નથી. પોલીસે તેમની હાજરીમાં કોઇ ટ્રકનુ વર્ણન લખી પંચનામાની વિગતે કબજે કરેલ હોય અને તે મતલબનુ પંચનામુ તેમની હાજરીમાં કરેલ હોય તેવુ બનેલ નથી. તેઓને આંક–૧૨૯ થી રજુ પંચનામુ બતાવવામાં આવે છે જેમા તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે.

સદર પંચ સાહેદ પંચનામાને લગીરે સમર્થન કરેલ ન હોય જેથી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા (વિરોધી થયેલ સાક્ષી) જાહેર કરી કોર્ટની પરવાનગીથી વિગતવાર ઉલટતપાસ કરેલ છે અને ઉલટતપાસ દરમયાન પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈ હકીકત આ સાહેદે જણાવેલ નથી. આમ, આ પંચ સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**(૧૩)..** ફરીયાદપક્ષનો પુરાવો જોતા ફરીયાદપક્ષે **આંક–૨૦૬ થી પંચ સાહેદ પરેશભાઈ જીવાભાઈ મકવાણાને** તપાસેલ છે. આ પંચ સાહેદએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેમને તા. ૧૩.૦૫.૨૦૦૭ ના રોજ પંચનામુ બતાવવામાં આવે છે જેમા પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે પંચનામુ આંક–૨૦૭ થી રજુ છે. તે કાગળ કયા બાબતનો હતો તેમા શુ લખેલ હતુ તેની તેમને કોઇ જાત માહીતી નથી. તેઓ પંચનામા અંગે કશું જાણતા નથી કે તેઓ પંચનામામાં કોઇ જગ્યાએ ગયેલ નથી. તેઓ બીજુ કંઇ જાણતા નથી આથી વિશેષ તેઓને કાંઇ કહેવુ નથી.

સદર પંચ સાહેદ પંચનામાને લગીરે સમર્થન કરેલ ન હોય જેથી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા (વિરોધી થયેલ સાક્ષી) જાહેર કરી કોર્ટની પરવાનગીથી વિગતવાર ઉલટતપાસ કરેલ છે અને ઉલટતપાસ દરમયાન પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈ હકીકત આ સાહેદે જણાવેલ નથી. આમ, આ પંચ સાહેદની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**(૧૪)..** ફરીયાદપક્ષનો પુરાવો જોતા ફરીયાદપક્ષે **આંક–૨૦૯ થી ફરીયાદી નારાયણ ગજાનનરાવ ગદ્રેને** તપાસેલ છે. આ ફરીયાદીએ પોતાની સોગંદ ઉપરની

જુબાનીમાં જણાવેલ છે કે, ૨૦૦૭ નિ સાલમા તેઓ રીલાયન્સ કંપનીમા સ્ટોર ડીપાર્ટમેન્ટમાં નોકરી કરતા હતા.તે સમયે તેઓને પોલીસનો ફોન આવેલો કે તમારા માલની ચોરી થયેલી થયેલી છે અને માલ પકડાયેલો છે જેથી તેઓને માલ નિ ચોરીની ખબર પડેલી.આ માલ લોખંડના સળીયા હતા. આ માલ તેઓની કંપનીના કન્સટ્રકશન એરીયામાંથી થયેલ. પોલીસે આ માલ કયાથી પકડેલો તે તેઓને યાદ નથી. આ માલ ટ્રકમાંથી પકડાયો હતો. આ માલ ૧૦–૧૫ ટન જેટલો હતો.કન્સટ્રકશન એરીયા મા આ કામ ચાલુ હતુ તે કઇ પેટા કપની નુ હતુ તે તેઓને ખ્યાલ નથી.તેઓએ કેટલા ઈસમો વિરુધ્ધ ફરિયાદ કરેલી તે તેઓને યાદ નથી. તેઓને અસલ ફરીયાદ બતાવવામા આવે છે તેમાં તેઓની સહિ છે તે તેઓ ઓળખી બતાવે છે. અસલ ફરીયાદ દા. આંક–૨૧૦ થી રજુ છે. તેઓ સુધીરગીરી સુરેશગીરી ગૌસ્વામીને ઓળખતા નથી.

સદર ફરીયાદી ફરીયાદપક્ષની હકીકતને લગીરે સમર્થન કરેલ ન હોય જેથી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ તેઓને ફરી ગયેલા (વિરોધી થયેલ સાક્ષી) જાહેર કરી કોર્ટની પરવાનગીથી વિગતવાર ઉલટતપાસ કરેલ છે અને ઉલટતપાસ દરમયાન પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી કોઈ હકીકત આ સાહેદે જણાવેલ નથી. આમ, આ ફરીયાદીની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

આરોપી તરફેની ઉલટતપાસમાં સદર ફરીયાદીએ એ વાતનો સ્વીકાર કરેલ છે કે, આ ચોરી અંગેના બનાવની તેમને કોઈ જાતની માહિતી નથી. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસના કહેવાથી તેમણે ૮–૧૦ દિવસ પછી ફરિયાદ લખાવેલ. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, આરોપી દ્વારા આવી કોઈ ચોરી કરવામાં આવેલ નથી કે ખોટી ફરિયાદ કરેલ છે.

(૧૫).. ફરીયાદપક્ષનો પુરાવો જોતા ફરીયાદપક્ષે **આંક–૨૧૪ થી સાહેદ રણજીતસિંહ કુલુભા જાડેજાને** તપાસેલ છે. આ સાહેદ એ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓને આંક– ૧૨૯ વાળ પંચનામ બતાવવામા આવે છે જેમા બંને પંચોની તથા તેઓની સહી છે જે તેઓ ઓળખે છે. આ પંચનામુ મેઘપર પોલીસ સ્ટેશન ગુ .ર.નં.૪૨/૨૦૦૭ આઈ.પી.સી. કલમ.૩૭૯ના કામે ચોરીમા ગયેલ મુદામાલ આર આર સેલ રાજકોટ વાળાએ સી આર પી સી કલમ.૧૦૨ મુજબ કબજે લીધેલ હોય અને તે ટૂંક જીજે . ૧૨ . વી . ૫૧૯૫ નો પડધરી પોલીસ સ્ટેશનના સ્ટેશન ડાયરી એન્ટી નં.૯/૨૦૦૭ના કામે કબજે લઈ પડધરી પોલીસ સ્ટેશનમાં રાખેલો હોય જેથી આ ટ્રક તથા લોખંડના સળીયા તથા ટુકડા કીમત રા.૨૬૦૦૦૦/– તથા ટ્રકની કીમત રા.૨૫૦૦૦૦/– ગણી રાજકોટના જજ સાહેબના હુકમના આધારે મેઘપર પોલીસ સ્ટેશનના ગુનાના કામે કબજે ગણી પોલીસ સ્ટેશનમા રખાવેલ હતુ.

આરોપી તરફેની ઉલટતપાસમાં સદર સાહેદ જણાવેલ છે કે, પંચનામું કરવા તેઓ પ્રાઈવેટ ગાડીમાં ગયેલ હતા. પંચનામું કરવા તેઓ તથા જગદીશસિંહ પ્રાઈવેટ ફોરવ્હીલ વાહનમાં ગયેલ હતા. ફોરવ્હીલ વાહનનો નંબર કે કોનું વાહન હતું તે અંગે તેમને જાણ નથી. બંને પંચોને પડધરીથી બોલાવવામાં આવેલ હતા. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પંચો રૂબરૂ કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તૈયાર પંચનામામાં પંચોની સહી લેવામાં આવેલ છે.

(૧૬).. ફરીયાદપક્ષનો પુરાવો જોતા ફરીયાદપક્ષે આંક–૨૧૫ થી **ત.ક.અમલદાર હરદાસભાઈ ખીમાભાઈ ભુવાને** તપાસેલ છે. આ ત.ક.અમલદાર એ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૩/૫/૨૦૦૭ ના તેઓ મેઘપર પોલીસ સ્ટેશને એ એસ આઈ તરીકે ફરજ બજાવતા હતા દરમ્યાન આ કામે ફરીયાદી નારાયણ ગજાનંદ રાવ રે.જામનગર વાળાએ

બપોરના બે વાગ્યાથી સાંજના છ વાગ્યા દરમ્યાન રીલાયન્સ કંપનીના કન્સ્ટકશન સાઈડ ખલ્લા એરીયામા ટૂંક નં.જીજે ૧૨ વી જી ૫૧૯૫ લોખંડના નાના મોટા સળીયા વીગેરેની આરોપી સુધીરગીરી વીગેરે આરોપી વિરુધ્ધ રા.૨૬૦૦૦૦/– ની ચોરી કરી લઈ ગયેલ તે બાબતની ફરીયાદ આપતા તેઓએ બનાવવાળી જગ્યાનુ પંચનામ કરેલ તેમજ સાહેદોના નીવેદન લીધેલ તેમજ આ કામે રાજકોટ આર આર સેલ નાઓએ મુદામાલ પકડેલ હોય જેઓની પડધરી પોલીસ સ્ટેશનમાં નોંધ કરાવેલ અને મુદામાલ સોપેલ હોય જેથી તેઓએ ટૂંક તથા મુદામાલ તેઓના પો.સ્ટેશનના હેડ કો. આર એફ જાડેજાને મોકલેલ તે અન્વયે તેઓએ પડધરી પો.સ્ટેશન રાજકોટ આર આર સેલે સી આર પી સી કલમ.૧૦૨ મુજબ કબજે કરેલ હોય તે મુદામાલ તથા વાહનનુ પંચનામુ કરી પડધરી પોલીસ સ્ટેશન કોર્ટના હુકમ મુજબ રાખેલ હતુ. બાદ આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલ. તેઓને આંક.૨૯૦ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જે ફરીયાદીના લખાવ્યા મુજબ લખી લઈ ફરીયાદીની સહી લઈ રુબરુમા તેઓની સહી કરેલ અને પી એસ ઓને ગુનો દાખલ કરવા માટે મોકલી આપેલ.તે સહી તેઓ ઓળખુ છુ. આરોપીઓને તેઓએ અટક કરેલ હતા જેથી આરોપીઓને જોયેથી ઓળખુ. ગુનાવાળી સ્થાનીક જગ્યાનુ પંચનામુ આંક–૨૦૭ વાળુ તેમને બતાવવામાં આવે છે જે ફરીયાદીના જણાવ્યા મુજબ પંચો રૂબરૂ કરેલ જેમા બંને પંચોની તથા તેમની સહી છે જે તેઓ ઓળખે છે.

આરોપી તરફેની ઉલટતપાસમાં સદર સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદમાં ગુનાનો ચોક્કસ સમય જણાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ફરિયાદમાં આરોપીના નામ જણાવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પંચો રૂબરૂ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, તૈયાર પંચનામામાં પંચોની સહી લેવામાં આવેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, સાહેદોના નિવેદનો જાતે લખી લીધેલ છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પૂરતો પુરાવો ન હોવા છતાં ખોટી ચાર્જશીટ કરેલ છે.

(૧૭).. ફરીયાદપક્ષનો પુરાવો જોતા ફરીયાદપક્ષે આંક–૨૨૧ થી **સાહેદ સંજયસિંઘ બીજેન્દ્રસિધ ને** તપાસેલ છે. આ સાહેદએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૦૭ ની સાલમા તેઓ રીલાયન્સ કંપનીમા એમએમસી (મેટલ મેનેજમેન્ટ સેન્ટર ) સ્ટોરસ ડીપાર્ટમેન્ટ મા એકઝીકયુટીવ ઓફિસર તરીકે ફરજ બજાવત। હતા .તેઓની નોકરીનુ સમય સવારના ૯ થી સાંજના ૬ વાગ્યા સુધીનો હતો. તા.૨૮/૦૪/૦૭ ના રોજ બપોરના તેઓ આશરે ૨ વાગ્યે ના અરસામા તેઓ। ઉપરોકત ડીપાર્ટમેન્ટ ની ઓફીસમા હાજર હતો ત્યારે તેઓના ડીપાર્ટમેન્ટના મેનેજર સાહેબ શ્રી નારાયણ ગજાનંદ રાવ સાહેબ એ તેઓને વાત કરેલ કે રાજકોટ પોલીસમા ટેલીફોન આવેલ હતો અને ફોન પર જાણ કરલે છે કે ટ્રકનં ૧૨ વી ૫૧૯૫ મા આશરે ૧૩ ટન જેટલુ લોખંડનુ મોટા સળીયા નો હેવી સ્ટીલ ક્રેપ ભંગાર પકડેલ છે અને આ ટ્રકના ડ્રાઇવર તેમજ કલીનર તેમજ આરઆઇએલ ના સુપરવાઇઝર જે ડોટસન સ્ટીલ લીમીટેડ કંપનીમા હોય તેઓની મદદથી આ ટ્રકમા ભંગાર નો મેટલ ભરેલ છે તે પકડેલ હોવાનું તેઓને ફોન થી જણાવતા તેઓએ જાણ્યુ છે. તેવી હકીકત ની જાણ નારાયણ સાહેબ એ તેઓને કરતા ત્યારબાદ તેઓએ આ માલ રીફાયનરીમાં કન્સ્ટ્રકશન સાઇટના ખુલ્લા એરીયામા રાખેલ હોય જયા જોઇ તપાસ કરતા ત્યા કુલ ૧૩ ટન જેટલો માલ લોખંડના મોટા સળીયા હેવી સ્ટીલ સ્ક્રેપનો માલ જોવામા આવેલ નહી.જેથી તેઓએ એ તેઓની રીતે તપાસ કરતા જાણવા મળેલ કે રીલાયન્સ કંપનીમા ડોટસન સ્ટીલ લીમીટેડ કંપનીનુ કામકાજ ચાલતુ હોય તેના સુપરવાઇઝર સુધીરગીરી સુરેશગીરી ગોસ્વામી એ ટ્રક નં જીજે ૧૨ વી ૫૧૯૫ ના ડ્રાઇવર ગીરધર ઉર્ફે ભગત કરશનભાઈ તેમજ કલીનર દેવશીભાઈ ગોવીંદભાઈ ભરવાડ તેમજ અન્ય વ્યકીતઓ નામે અબ્દુલ વહીદ તેમજ કમલેશ વ્રજલાલ અગ્રાવત તેમજ હેમત નથુભાઈ આહીર આ બધા ઇસમોએ માલ એકબીજાની મદદગારી કરી આ રીફાયનરી સાઇટના ખુલ્લા એરીયામાથી ટ્રકમા માલ ભરાવી ચોરી કરી લઇ જતા હોય જે માલ રાજકોટના આરઆરસેલ ના પોલીસ એ પકડેલ હોય અને આ માલ પડધરી પોલિસ સ્ટેશનમા રખાવેલ છે.જેની કીમત કુલ રૂ.

૨,૬૦,૦૦૦/– થાય છે.બનાવ અંગે તેઓને સાહેબ શ્રી નારાયણ ગંજાનંદ રાવના ઓએ પોલીસ ફરીયાદ આપેલી. ફરીયાદના અનુસંધાને પોલીસે તેઓનુ નિવેદન લીધેલુ. આરોપીઓને તેઓ જોયેથી ઓળખી શકે નહી.

આરોપી તરફેની ઉલટતપાસમાં સદર સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ બની ગયા પછી તેમને તેમના ઉપરી અધિકારીને ફોનથી જાણ થયેલ હતી અને તેના આધારે તેમના ઉપરી અધિકારીએ તેમને જાણ કરતાં બનાવ અંગે તેમને જાણવા મળેલ હતું. એ વાતનો સ્વીકાર કરેલ છે કે, બનાવ તેમણે નજરે જોયેલ નથી અને બનાવ બની ગયા પછી તેમને જાણ થયેલ હતી. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, ડીપાર્ટમેન્ટના મેનેજર શ્રી નારાયણ ગંજાનંદ રાવ તેમના ઉપરી અધિકારી હોવાથી તેમણે આપેલ ફરિયાદની હકીકતોને સમર્થનરૂપ થવા ખોટી જુબાની આપે છે. એ વાતનો ઈન્કાર કરેલ છે કે, પોલીસે તેમનું નિવેદન લીધેલ નથી.

(૧૮).. ફરીયાદપક્ષનો પુરાવો જોતા ફરીયાદપક્ષે આંક–૨૨૯ થી **સાહેદ દિપકભાઈ મનજીભાઈ ચોપડાને** તપાસેલ છે. આ સાહેદએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તેઓ સને. ૨૦૦૭ ની આસપાસના ગાળામાં રીલાયન્સ કંપનીમાં ખાવડી મુકામે એમ.એમ.સી. સ્ટોર્સ ડીપાર્ટમેન્ટમાં કોન્ટ્રાકટ બેઈઝ ઉપર સુપરવાઈઝર તરીકે નોકરી કરતા હતા અને તે વખતે તેઓના મેનેજર તરીકે નારાયણ ગજાનંદ રાવનાઓ હતા અને એપ્રિલ – ૨૦૦૭ના ગાળામાં તેઓના વિભાગમાં લોખંડના સળીયાઓના ભંગારની ચોરી થયેલી અને આ ચોરીનો સામાન એક ટ્રકમાં લઈ જવામાં આવેલ હોય જે ટ્રક પડધરી મુકામે પકડાઈ ગયેલ હતો અને તેથી આ બાબતે તેઓના મેનેજરશ્રી ઉપર રાજકોટ શહેરમાંથી ફોન આવેલો અને તેથી તેઓના મેનેજરશ્રીએ તેઓના વિભાગના બધા કર્મચારીને સ્થળ ઉપર જઈ તેઓનુ મટીરીયલ પુરેપુરૂ છે કે કેમ તે બાબતે તપાસ કરવાનું જણાવેલું જેથી તેઓના સ્ટાફની ટીમ સાથે તેઓ પણ સ્થળ ઉપર ગયેલો અને તેઓએ જઈને જોયેલ

તો તેઓનુ જે મટીરીયલ હતુ તે પુરેપુરૂ સ્થળ પર ન હતુ અને તેઓનુ મટીરીયલ ઓછુ થયેલ હોવાનું જણાયેલું. આ તેઓનુ મટીરીયલ સ્ક્રેપયાર્ડમાં ખુલ્લી જગ્યામાં રખાયેલુ હતુ તેમાંથી અંદાજે ૧૩ ટન જેટલું ભંગાર ઓછુ થયેલુ હતુ જેની તેઓના મેનેજરશ્રીએ કિંમત રૂા.૨,૫૦,૦૦૦/– જેટલું હોવાનું જણાવેલું. અને તેઓના મેનેજરશ્રીએ તેઓને જણાવેલ તે મુજબ ડોરશન કંપનીના સુપરવાઇઝરે મેળાપીપણ કરી આ ભંગાર ચોરાવેલુ હોવાનું જણાવેલું આ સુપરવાઇઝરનું નામ સુધીર એવુ કઇક નામ હતું. આ તેઓનુ ભંગાર જી. જે. ૧૨વી. ૫૧૯૫ નંબરની ટ્રકમાં લઇ જવામાં આવેલ હતું. આ ગુનામાં સંડોવાયેલ બીજા કોઈ આરોપીઓના નામ તેઓને જાણવા મળેલ નથી.

આરોપી તરફેની ઉલટતપાસમાં સદર સાહેદે એ વાતનો સ્વીકાર કરેલ છે કે ચોરીના ગુના અંગે કોણે ચોરી કરેલી તે બાબતે તેમને કોઇ જાતમાહીતી નથી.

(૧૯).. ફરીયાદપક્ષે પડેલ પુરાવાઓનુ સમગ્ર રીતે મુલ્યાંકન કરીએ તો, ફરીયાદપક્ષ એવી હકીકત લઇ અદાલત સમક્ષ આવેલ છે કે, આ કામે આરોપીઓએ આ બનાવ એકબીજાની સાથે મેળાપીપણામાં કરી તા. ૨૭.૦૪.૨૦૦૭ ના રોજ બપોરના ૨.૦૦ વાગ્યાથી સાંજના ૬.૩૦ વાગ્યાના ગાળામાં રીલાયન્સ કંપનીના કન્સ્ટ્રકશન સાઈટના ખુલ્લા એરીયામાંથી ટ્રક નં. જીજે–૧૨–વી–૫૧૯૫ માં લોખંડના નાના–મોટા સળીયા, સ્ટીલ સ્ક્રેપ ભંગાર કુલ ૧૩ ટન વજન માલસામાન કિંમત રૂા. ૨,૬૦,૦૦૦/– ની ચોરી કરી લઈ ગયેલા છે તેવી મુખ્ય હકીકત સાથે ફરીયાદપક્ષ અદાલત સમક્ષ આવેલ છે.

હવે, આ કામે ફરીયાદપક્ષે તપાસેલા સાહેદોની જુબાની જોઇએ તો ફરીયાદપક્ષે જે પંચોને તપાસેલા છે તે તમામ પંચો હોસ્ટાઇલ થયેલા છે અને તેઓએ પંચનામાની હકીકતોને કોઇ સમર્થન કરેલ નથી. જેથી પંચનામુ પુરવાર થયેલ નથી. ફરીયાદપક્ષે આંક–૨૨૧ થી તપાસેલ સાહેદ સંજયસિંઘ બીજેન્દ્રસિધની જુબાની જોતા તેઓ જે તે વખતે રીલાયન્સ કંપનીમાં ફરજ બજાવતા હોવાનુ જણાય છે અને આ બનાવની ફરીયાદ તેમના સાહેબે આપેલ હોવાનુ જણાય છે અને આ બનાવમાં રાજકોટ પોલીસ દ્વારા ફોન આવતા

તેમના ડીપાર્ટમેન્ટમાંથી મેનેજર નારાયણ ગજાનંદ રાવને રાજકોટ પોલીસ દ્વારા ટ્રકમાં ભંગારનો મુદામાલ પકડેલ હોય અને તે ચોરીનો હોવાનુ જણાતા આ અંગેનો ફોન આવતા તેઓએ રીફાઇનરીના કંન્સટ્રકસનના ખુલ્લા એરીયામાં રાખેલ સામાનની તપાસ કરતા ૧૩ ટન જેટલો સ્ક્રેપનો માલસામાન જોવામાં આવેલ નહીં અને તેથી આ અંગેની તપાસ કરતા રીલાયન્સ કંપનીના ડોટસન સ્ટીલ લીમીટેડ કંપનીનુ કામકાજ ચાલતુ હોય તેના સુપરવાઇઝર સુધીરગીરી સુરેશગીરી ગૌસ્વામી ટ્રક નં. જીજે.૧૨.વી. ૫૧૯૫ ના ડ્રાઇવર તેમજ કલીનર સાથે માલની ચોરી કરેલ હોવાનુ જણાય આવેલ તેવી હકીકત જણાય છે. તે જોતા જે મુદામાલની ચોરી થયેલ હોવાની ફરીયાદ છે તે મુદામાલ જે કંપનીનો હતો તે કંપનીના સુપરવાઇઝર તરીકે આરોપી સુધીરગીરી સુરેશગીરી ગૌસ્વામી જ હતા તેવુ જણાય છે. હવે, આ મુદામાલની ચોરી બાબતે અથવા તો ઉચાપાત બાબતે જે કંપનીનો સામાન હતો તે કંપની એટલે કે ડોટસન સ્ટીલ લીમીટેડ દ્વારા કોઇ ફરીયાદ અપાયેલી નથી અને માલ ડોટસન કંપનીનો હતો તે બાબતો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. સમગ્ર પુરાવો જોતા કંપની દ્વારા આ બાબતની કોઇ ફરીયાદ અપાયેલી હોય અને ત્યારબાદ આ ગુનાની તપાસ થયેલ હોય તેવી હકીકત નથી. પરંતુ પોલીસે મુદામાલ પકડયાની જાણ રીલાયન્સ કંપનીને કરતા, રીલાયન્સ કંપની દ્વારા આ ફરીયાદ અપાયેલી હોય તેવી હકીકત છે. તે સંજોગોમાં મુદામાલ આરોપીઓ પાસેથી મળી આવેલ તેવુ પુરવાર થવુ ખુબ જ જરૂરી છે. પરંતુ આ કામે મુદામાલ રીકવરીના પંચોએ પંચનામાની હકીકતને કોઇ જ સમર્થન કરેલ નથી. જેથી પંચનામુ પુરવાર થયેલ નથી અને ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતા ફરીયાદપક્ષના સાહેદો પૈકી કોઇપણ સાહેદના પુરાવામાં હાલના આરોપીએ ચોરી કરેતા કે ચોરીનો માલ લઇ જતા જોયો હોય તેવી હકીકત બતાવતો કોઇ જ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. તે તમામ સંજોગોમાં ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો જોતા હાલના આરોપીઓ સામે શંકારહીત કેસ પુરવાર થાય તેવો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને તેથી મુદા નં. ૧ નો જવાબ નકરામાં આપી મુદા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

## –//<u>આખરી હુકમ</u>//–

(૧) આ કામના **આરોપી નં. (૧) કમલેશ પ્રજલાલ અગ્રાવત, (૨) હેમતભાઇ નથુભાઇ નંદાણીયા, (૩) ગીરધર ઉર્ફે ભગત કરશનભાઇ ચાનવા, (૪) દેવશી ગોવિંદભાઇ સિંધવ** નાઓને ક્રિ.કે.નં. ૧૦૨૧ / ૨૦૦૭ ના કામે તેઓના વિરૂદ્ધના ઈ.પી.કોડની કલમ ૩૭૯, ૧૧૪ મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાથી સી.આર. પી.સી.ની કલમ ૨૪૮ (૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવું છું. જયારે **આરોપી નં. (૫) સુધીરગીરી સુરેશગીરી ગૌસ્વામી, (૬) અબ્દુલ વહીદ ઉર્ફે નિલેશ જલીલ અહેમદ શાહનાઓને** ક્રિ.કે.નં. ૧૦૨૧ / ૨૦૦૭ ના કામે તેઓના વિરૂદ્ધના ઈ.પી.કોડની કલમ ૩૭૯, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુનામાથી તેઓની ગેરહાજરીમાં સીઆર.પી.સી.ની કલમ ૨૪૮(૧) સાથે કલમ–૩૫૩ (૬) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવું છું.

(૨) આ કામે મુદામાલ અંગે વચગાળાનો હુકમ ફરમાવેલ હોય તે હુકમ કાયમ કરવામા આવે છે અને જો આવો કોઇ હુકમ થયેલ ન હોય તો મુદામાલ અપીલ સમય વિત્યે તેના મુળ માલીકની ખરાઇ કરી તેને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ એપેલટ કોર્ટમાં તેઓની હાજરી સુનિશ્ચિત કરવાના હેતુથી આરોપીએ રૂ.૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કરવો.

આ હુકમ આજ તા.૧૪, માહે – ઓગષ્ટ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્રી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ– લાલપુર.
તા.૧૪ / ૦૮ /૨૦૨૬

(એ.એ.વાયડા)
એડિશ્નલ ચીફ જયુડિશીયલ
મેજીસ્ટ્રેટ, લાલપુર.
યુ.આઇ.સી.નં–જી.જે.૦૦૯૮૬